[illegible] પંચાલને ઉપયોગી

નિત્યકર્મ.

શ્લોક.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અમદાવાદ.

[illegible]

॥ ॐ तत्सत् ॥

વિશ્વબ્રહ્મ પંચાલને ઉપયોગી
નિત્યકર્મ.

सौम्यंमहेश्वरं साक्षात् , सत्य विज्ञानमद्वयम ।
वंदे संसार रोगस्य, भेषजं परमंमुदा ॥
भक्ति गम्याय भक्तानां, विदुषामात्म रूपिणे,
स्वानुभूतिमासिद्धाय, नमस्ते सर्वसाक्षिणे ॥

જનોઇ સંબંધી.

શાસ્ત્રનો હેતુ સમજ્યા વિના જનોઇનો ઉપયોગ કુંચીઓ લટકાવવા માટે તથા વાંસાની ખરજ મટાડવા માટે અજ્ઞાનીઓ તરફથી બોલાય તો તે બનવા જોગ છે, પરંતુ જનોઇનો તેવો ઉપયોગ સમજવામાં મોટી ભૂલ છે. જો જનોઇ કુંચીઓ લટકાવવા માટે અથવા ખરજ મટાડવા માટેજ હોત, તો એક દોરડું મરજીમાં આવે તેમ વણીને ડોકમાં નખાત, પણ એમ નથી. ચોખ્ખું ૩ લઇને પવિત્ર

માણસ પાસે કંતાવવું, પછી તે સૂત્રને પોતાના ડાબા હાથના ચાર આંગળાના મૂળમાં છન્નુવાર વીંટી તેને ત્રણ ગણું કરવું, પછી તેને ધોઇ ડાબી તરફ વળ જાય એમ વણી, ફરી તેને ત્રેવડુ કરી, જમણી તરફ વળ જાય એમ વણી, પછી તે નવ સુત્ર થયાં તેને ત્રણવાર પ્રદક્ષિણા માફક વીંટી, પાકી ગાંઠ દેવી. આ છન્નુવાર વીંટતી વખત, તથા ત્રેવડ કરી નવ તંતુને વિષે, ગ્રંથીને વિષે, અમુક અમુક દેવતાઓનું આવાહન કરવું; અમુક પ્રવર રાખવા વગેરે શાસ્ત્રાનુસાર ક્રિયાઓ કરવાથી જનોઇ બને છે. તે ક્રિયાઓ કઇ રીતની છે તે પ્રથમ જાણવું જરૂરનું છે. યજ્ઞોપવિત કેમ બને છે, અને શી રીતે બનાવવી, તથા ત્યાં અમુક અમુક બોલવું તથા અમુક અમુકનું આવાહન શા માટે કરવું વગેરે તેઓ જાણતાજ નથી તેથી તેઓ મરજી મુજબ બોલે તેમાં નવાઇ નહિ પરંતુ જો બરોબર ક્રિયા તેના કારણ સહિત જાણતા હોય, તો પછી તેઓને એમ બોલવાનો અવકાશ રહેજ નહિ. એમ જાણી તે જનોઇનું રહસ્ય દર્શાવું છું. **कारणाभावात् कार्याभावः ॥** અર્થ—કારણના અભાવથી કાર્યનો પણ અભાવ છે. એ ન્યાય સૂત્ર છે. કોઇપણ કાર્ય કારણ વિના થતુંજ નથી. જનોઇનું નામ બ્રહ્મસૂત્ર છે. એ બ્રહ્મ-

સૂત્ર નામ શા માટે છે, તે જુઓ? જેમ સળંગ સૂત્ર, એક સૂત્ર વગેરે કહેવાય છે, તેમ આ બ્રહ્મસૂત્ર છે. એટલે આ જે કાંઇ છે તે બધું બ્રહ્મજ છે. બીજું કાંઇપણ નથી એમ સુચવે છે, આરૂણિકોપનિષદ્‌માં કહે છે કે—**ब्रह्मसूचनात्सूत्रं ब्रह्मसूत्रम् ।।** અર્થ—બ્રહ્મને સૂચન કરનાર હોવાથી તે તે સૂત્રને બ્રહ્મ સૂત્ર કહે છે. શ્રુતિપણ કહે છે કે **सर्वं खल्विदंब्रह्म नेहनानास्ति किञ्चनम् ॥** અર્થ—આ સર્વ જે કાંઇ છે તે નિશ્ચે બ્રહ્મજ છે બીજું ના ના કાંઇ છેજ નહીં. વળી વજ્રશુચિ ઉપનિષદ્‌માં કહ્યું છે કે **करतलामलकमिवपश्यत्यपरोक्षे ब्रह्मकृतार्थतया कामरागद्वेषादि रहितः शमदमादि संतोषमान् मात्सर्य तृष्णा संमोहादि दुष्टार्थे निवृतः । सएव ब्राह्मण इत्युच्यते न तु वेशधरः ॥** અર્થ—હાથમાં રાખેલા આંબળાની પેઠે બ્રહ્મને અરોક્ષ જુએ છે, કૃતાર્થપણાવડે કામ, રાગ, અને દ્વેષાદિથી રહિત છે. શમ, દમ, અને સંતોષવાળો તથા માત્સર્ય, તૃષ્ણા, અને સંમોહાદિ દુષ્ટ પદાર્થથી નિવૃત થયેલ છે તેજ બ્રાહ્મણ એમ કહેવાય છે, પણ વેશધર નહિ. તથા અત્રિ ઋષિ કહે છે કે-**ब्रह्म तत्वं नजानाति, ब्रह्म सूत्रण गर्वितः । तेनैवसचपापेन, विप्रःपशु रुदाहृतः ॥**

અર્થ—બ્રહ્મતત્વતે જાણતો નથી, અને બ્રહ્મસૂત્ર (જનોઇ) નો જે ગર્વ કરે છે. ને પાપ વડેજ તે વિપ્રને પશુ કહેલ છે. આ બ્રહ્મના ચાર પાદ છે, તથા આત્માના પણ ચાર પાદ છે. માંડૂક્ય ઉપનિષદ્‌માં પણ એજ પ્રમાણે કહ્યું છે—

सर्वंह्येतद्‌ब्रह्मायमात्मा ब्रह्मसोऽयमात्मा च तुष्पात् ॥

અર્થ—એ સર્વ બ્રહ્મરૂપ છે, આ આત્મા પણ બ્રહ્મરૂપ છે. આ આત્માના ચાર પાદ છે. ૧, ૨. પ્રત્યેક માણસનું સ્થૂળ શરીર ઘણું કરીને પોતાના છન્નુ આડા આંગળની ઉંચાઇનું હોય છે, અને એમાં રહેલા આત્માના ચાર પાદ છે, એમ બતાવવાને ચાર આંગળાંપર છન્નુવાર સૂત્ર વીંટી જનોઇ બનાવવામાં આવે છે. ૩, ૪. પ્રથમના ત્રેવડા (ત્રણ ગણા) કરવાથી ત્રણ ગુણોવડે પિંડ બ્રહ્માંડની દશ્ય સ્થિતિ છે, એમ સૂચવ્યું. ફરી ઉર્ધ્વ વણવાથી અને ૫, ત્રેવડ કરી અધો વણવાથી એમ બતાવ્યું કે, જેમાં સત્વ ગુણ પ્રધાન છે એવા ત્રણ ગુણો દેહીની ઉર્ધ્વ ગતિ કરનારા છે, અને જેમાં તમોગુણ પ્રધાન છે એવા ત્રણ ગુણો દેહીની અધોગતિ કરનારા છે. ૬. પછી એ પ્રકૃતિની ઘટમાળમાંથી છુટવાનો માત્ર ત્રિપદાજ છે એમ બતાવવા તેને ત્રેવડું કરવામાં આવે છે. ૭ ગ્રંથીમાં પ્રવર નાંખી એમ સૂચવે છે કે, પૂર્વે અમારા

ગોત્રમાં આટલા ઋષિયોએ બ્રહ્મદર્શન કર્યું હતું. આવી રીતે જનોઇના નિર્માણ પ્રકારમાં બહુ ગુપ્ત સંકેત છે. છન્નુ ત્રાગમાં સ્થાપન કરવા માટે કારીકામાં કહ્યું છે કે, **तिथिवारंचनक्षत्रं, तत्ववेदं गुणत्रयम् । कालत्रयंचमासंच, ब्रह्मसूत्रं षडंनवम् ॥** અર્થ–૧૫ પંદર તિથિ, ૭ સાત વાર, ૨૭ સતાવિશ નક્ષત્રો, ૨૫ પચવિશ તત્વો, ૪ ચાર વેદ, ૩ ત્રણ ગુણ, ૩ ત્રણ કાળ, ૧૨ બાર માસ. એમ છન્નુ બ્રહ્મસૂત્રમાં જાણવા.

જનોઇના નવ તંતુને વિષે ૐકાર પ્રથમ તંતુમાં, અગ્નિને બીજા તંતુમાં, નાગોને ત્રીજા તંતુમાં, સોમને ચોથા તંતુમાં, પિતૃને પાંચમા તંતુમાં, પ્રજાપતિને છઠા તંતુમાં, વાયુને સાતમા તંતુમાં, સુર્યને આઠમા તંતુમાં, અને વિશ્વના દેવોને નવમા તંતુમાં, એ પ્રમાણે નવ તંતુમાં નવ દેવોને યોજીને પછી ગ્રંથિને વિષે બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્રનું આવાહન કરી તેમને યોજવા.

પિંડ એ વ્યષ્ટિ દેહ છે, અને બ્રહ્માંડ એ સમષ્ટિત દેહ છે. વ્યષ્ટિ દેહ પોતાના છન્નુ આંગળનો ઉંચાઇનો તથા સત્વ સત્વ, સત્વ, રજ, સત્વ તમ, રજો સત્વ, રજો રજો, રજોતમ, તમો સત્વ, તમો રજ, અને તમોતમ, એમ નવ ગુણો મળીને

બનેલ છે. આ નવ ગુણો સત્વ, રજ, અને તમથી થયેલ છે.

સમષ્ટિ દેહના પોતાના આડા છન્નું આંગળ ઉંચાઇ તે ૧૫ તિથિ, ૭ વાર, ૨૭ નક્ષત્રો, ૨૫ તત્વો, ૪ વેદ, ૩ ગુણ, ૩ કાળ, અને ૧૨ માસ એમ છન્નુ છે.

ૐકાર, અગ્નિ, નાગ, સોમ, પિતૃ, પ્રજાપતિ, વાયુ, સૂર્ય અને વિશ્વદેવ એ નવ નવ ગુણો છે.

બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એ ત્રણ ગુણો છે.

વ્યષ્ટિદેહ તે સ્થૂલ શરીર છે. સમષ્ટિ દેહ વૈરાટ કહેવાય છે.

સમષ્ટિથી વ્યષ્ટિદેહ થયેલ છે માટે વ્યષ્ટિના છન્નુ આડા આંગળ ઉંચાઇ, નવ ગુણ, ત્રણ ગુણ એઓના દેવો તે સમષ્ટિના છન્નુ આંગળ ઉંચાઇ, નવ ગુણ અને ત્રણ ગુણો ઉપર બતાવ્યા તે પ્રમાણે છે; એટલે જનોઇ છે તે સમષ્ટિ વ્યષ્ટિની એકતા સૂચવે છે. જેમ છન્નુ તાગ, નવ તંતુ, વગેરે બધું સત્રજ છે, તેમ આ જે કાંઇ છે તે બધું બ્રહ્મરૂપજ છે બીજું કાંઇ નથી એમ ચોખ્ખો સાંકેત જણાય છે. સ્થૂલ શરીરનો ત્યાગ કરી બ્રહ્મ સ્વરૂપને પામવું એ યજ્ઞોપવિતનો આશય જણાય છે. અધ્યાત્મોપનિષદમાં પણ એજ પ્રમાણે કહ્યું છે કે—**मातापित्रोर्मलोद्भूतम् मलमाँसमयंच-**

पुःत्यक्त्वा चांडालवद्दूरं, ब्रह्मभूय कृती भव ॥ અર્થઃ–માતા અને પિતાના મલથી ઉત્પન્ન થયેલ, અને મલ માંસવાળું આ શરીર છે તેનો ચાંડાલની માફક દૂર ત્યાગ કરીને બ્રહ્મરૂપ થવાની કૃતીવાળો થા. મહાભારતમાં કહ્યું છે કે,—**ब्राह्मणो ब्रह्मधर्मेण, यथाशिल्पेन शिल्पकः ॥ अन्यथा नाम मात्रस्या, दिन्द्र गोपक कीटवत् ॥** જેમ શિલ્પ વડે શિલ્પક કહેવાય છે, તેમ સત્યાદિરૂપ બ્રહ્મ ધર્મવડે બ્રાહ્મણ કહેવાય છે. જો બ્રાહ્મણમાં બ્રહ્મધર્મ ન હોય, તો તે માત્ર નામનો જ બ્રાહ્મણ કહેવાય છે. જેમ એક કીડાને ઇંદ્રની ગાય કહેવામાં આવે છે તેમ.

બ્રહ્મસૂત્રનું બીજું નામ યજ્ઞોપવિત તથા ઉપનયન છે. યજ્ઞઃ કહેતાં વેદવિહિત એક વિશેષ કર્મ છે, અને ઉપ કહેતાં પાસે તથા વિત કહેતાં દ્રવ્ય અર્થાત્ વેદવિહિત એક વિશેષ કર્મરૂપ યજ્ઞ તે પાસે દ્રવ્ય તે. અથવા **यज्ञोवैनारायणः** એ શ્રુતિથી યજ્ઞજ નિશ્ચે નારાયણ છે. તે નારાયણ કોણ છે તે કહે છે કે **नारायणं नमस्यामि, मोहांधतिमिरापहम् । प्रकाशकं प्रकाश्यानां, शुद्ध बुद्ध स्वरुपिणम् ॥** અર્થ–મોહરૂપી અજ્ઞાનને હણવાવાળા, તથા પ્રકાશકોના પણ પ્રકાશક, અને શુદ્ધ જ્ઞાન સ્વરૂપ એવા નારાયણને નમસ્કાર

કરૂં છું. આવા નારાયણરૂપ, અથવા વેદવિહિત વિશેષ કર્મરૂપ યજ્ઞ, તે છે ઉપવિત કહેતાં બીજું દ્રવ્ય. તે યજ્ઞોપવિત કહેવાય છે. અને ઉપ એટલે પાસે તથા નયન એટલે લઇ જનાર અથવા ઉપ કહેતાં બીજું અને નયન કહેતાં ચક્ષુ. તે બીજું ચક્ષુ જ્ઞાન ચક્ષુ છે; તેથી ઉપનયન કહેતાં જ્ઞાન ચક્ષુ સમજાય છે. **विप्राणां ज्ञानतो ज्येष्ठ** એ વિષ્ણુ વાક્યમાં બ્રાહ્મણનું શ્રેષ્ઠપણું જ્ઞાનથી કહેલું છે. અને શ્રુતિ **सत्यज्ञानमनंतं ब्रह्म** ॥ અર્થ–સત્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, અને અનંત સ્વરૂપ બ્રહ્મ છે એમ કહે છે.

अयंतु परमोधर्मो यद्योग नात्मदर्शनम् ॥ અર્થ યોગવડે આત્મ–બ્રહ્મ–દર્શન કરવું આજ પરમ ધર્મ છે. એમ જે મહા મુની યાજ્ઞવલ્કય ભગવાન્ પોતાની સ્મૃતિમાં કહે છે, તે પરમધર્મની પ્રાપ્તિ માટેજ બ્રહ્મવિદ્યાના સિદ્ધાંતના સંકેતરૂપ આ બ્રહ્મસૂત્ર અધિકારીને પ્રાથમિક (પ્રવેશક દીક્ષા આપી આચાર્ય પહેરાવે છે, અને ગાયત્રી જપ તથા પ્રાણાયામાદિનો બોધ કરે છે. ઉપર કહેલ રીતિ પ્રમાણેનું રહસ્ય જાણ્યા વિના જેઓ એ પ્રમાણે યજ્ઞોપવિત બાબત બોલતા હોય, તેઓ વાકેફ થશે કે યજ્ઞોપવિત (જનોઈ) કુંચીઓ લટકાવવા તથા વાંસાની ખરજ મટાડવા માટે નથી, પણ એ

ગુપ્ત સાંકેત અતિ ઉપયોગી અને મોક્ષ પમાડનાર છે, માટે જનોઇ અવશ્ય દ્વિજોએ યથાકાળે ધારણ કરવીજ જોઇએ.

ઉપર બતાવેલી શાસ્ત્ર તથા યુક્તિવડે પણ જ્યારે સિદ્ધ થાય છે, ત્યારે પછી જનોઇ કેવળ કુંચીઓ લટકાવવા માટે અને વાંસાની ખરજ મટાડવાને માટે કહેવું એ કેટલી બધી અણસમજણ કહેવાય ? માટે સમજુએ આથી સમજી વિચારી અને હવે એમ નહિ બોલતાં તે યજ્ઞોપવિતને અધિકારીએ યથાકાળે ધારણ કરી તથા સંતાનોને પણ ધારણ કરાવવી જોઇએ, અને તે પ્રમાણે વર્તવું જોઇએ. આ પ્રમાણે બતાવ્યા છતાં પણ માને નહીં અને કેવળ એક હઠ પકડીને કહે કે મારો કકો ખરો અને હું કહું છું તેજ યથાર્થ છે, તો તેવા જે અક્કલના હીણ કેવળ ગધાપુંછ હાથમાં આવ્યું અને પકડ્યું તે પકડ્યું પાટુઓ ખાય પછડાય તોયપણ મૂકે નહી તેમ હઠ પકડનાર એવા અતિ રાગી જે પુરૂષો છે, તેવાઓને માટે તો કાંઇ કહેવા યોગ્ય છેજ નહીં. કેવળ શાસ્ત્રને લઇને જ કહેવા માગે અને યુક્તિ તો નહીં જ જો કોઇ કહે તો તેની ભૂલ છે, કારણ ક યુક્તિ તો અવશ્ય જોઇએ. યુક્તિ વિના તો ધર્મનો નિર્ણય ન જ કરવો જોઇએ. જુઓ બૃહસ્પતિજી મહારાજ કહે છે કે–**केवलं शास्त्र मुद्दिश्य, नहि**

कर्तव्योहि निर्णयः । युक्तिहीने विचारेतु, धर्महानिः प्रजायते ॥ અર્થ–(શાસ્ત્ર અને યુક્તિ એ બંનેનો સમન્વય કરી કોઇપણ વાતનો નિર્ણય કરવો જોઇએ. કેવળ શાસ્ત્રનાં વચનોને લઇ નિર્ણય કરવામાં આવે તો ધર્મની હાનિ થાય છે.) કેવળ શાસ્ત્રનાં વચનોને લઇને નિર્ણય કરવો જ નહિ કારણ યુક્તિહિન વિચારમાં તો ધર્મની હાનિ થાય છે.

(હસ્તમાં જળ લઇ સંકલ્પ કરવો તેનો મંત્ર)

अत्राद्य महामांगल्य प्रदे अमुकमासे अमुकपक्षे अमुक तिथौ अमुकवासरे मम श्रौतस्मार्त कर्मानुष्टान सिद्धयर्थं न्युतन यज्ञोपवीत धारणमहं करिष्ये ॥

श्रीगणेशाय नमः

॥ अथभस्मधारणविधिः ॥

आचम्य प्राणायामं कृत्वा ॥ अद्येत्यादिपूर्वो० शरीरशुद्ध्यर्थं भस्मधारणमहं करीष्ये । मा नस्तोके-तनयेमानआयौमानोगोषुमानोअश्वेषुरीरिषः ॥ वीरा-न्मानोरुद्र भामितोवधीर्हविष्मंतः सदमित्वाहवामहे ॥ (इति हस्ते भस्म गृहीत्वा जलमिश्रितं कृत्वा) ॥ इशानः सर्वविद्यानामीश्वरःसर्वभूतानांब्रह्माधिपतिर्ब्र-ह्मणोधिपतिर्ब्रह्मा।शिवोमेअस्तुसदाशिवोम् ॥शिरसि॥ तत्पुरुषायविद्महेमहादेवायधीमहि ॥ तन्नोरुद्रःप्रचोद-यात् ॥मुखे॥ अघोरेभ्योथघोरेभ्योघोरघोरतरेभ्यः ॥ सर्वेभ्यःसर्वशर्वेभ्योनमस्ते अस्तुरुद्ररूपेभ्यः ॥हृदये॥ वामदेवायनमो ज्येष्ठायनमः श्रेष्ठायनमो रुद्रायनमः कालायनमः कलविकरणायनमो बलविकरणायनमो

बलाय नमोबलप्रमथनायनमः सर्वभूतदमनायनमोम-
नान्मनायनमः ॥ गुह्ये ॥ सद्योजातंप्रपद्यामिसद्योजा-
तायवैनमोनमः ॥ भवेभवेनातिभवेभवस्त्र मां भवो-
द्भवायनमः ॥ पादयोः ॥ अग्निरति भस्म । वायुरिति
भस्म । जलोमति भस्म । स्थलमिति भस्म । व्योमेति
भस्म । सर्वं हवा इदं भस्म । मन एतानि चक्षूंषि
भस्मानि ॥ तत्र ॥ ॐनमः शिवाय इति त्रिवारोच्चा-
रितेन सर्वाङ्गे विलिप्य ॥

अत्राद्य महामांगलय प्रदे अमुक मासे अमुक पक्षे
अमुक तिथौ अमुक वासरे आद्य दिवस नक्षत्रे शुभपुण्य
तिथौ ॐ तत्सत् परमेश्वर प्रीत्यर्थे यथाशक्ति प्रातः
संध्या महं करिष्ये.

॥ ओ३म् ॥

॥ अथ वैदिक संध्या विधिः ॥

પ્રત્યેક મનુષ્યે પવિત્ર સ્થાનમાં આસન ઉપર બેસી નીચેનો ગાયત્ર મંત્ર ભણીને શીખા બંધન કરવું કારણ કે આમ તેમ વાળ વીખરાય નહીં અને ચીત્ત બીજી તરફ ન જતાં પરમાત્મામાં જોડાય.

॥ अथ गायत्री मंत्रः ॥

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्य भर्गोदेवस्य धीमहि धियो योनः प्रचोदयात् ॥ य. अ. २६ मं. ३॥

નીચેનો મંત્ર એક વખત બોલીને જમણા હાથમાં જળ લઈને એક આચમન કરવું. તેજ પ્રમાણે બીજી અને ત્રીજી વખત હાથમાં જળ લઇ મંત્ર બોલી ત્રણ વખત આ-ચમન કરવાં. તે પ્રમાણે કરવાથી ગળામાં રહેલો કફ દુર થાય અને મંત્રોના સ્પષ્ટ ઉચ્ચાર થાય એ આચમન કરવાનો હેતુ છે. મંત્ર બોલતી વખતે તેનો અર્થ પણ સમજવો.

॥ अथ आचमन मंत्र ॥

ओ३म् शन्नोदेवी रभिष्टय आपो भवन्तु पीतये शंय्योरभिस्रवन्तुनः ॥ य. अ. ३६ मं. १२ ॥

અર્થઃ—સર્વનો પ્રકાશક અને સર્વ વ્યાપક ઇશ્વર મનો-વાંચ્છિત આનંદને વાસ્તે અને પુર્ણાનંદની પ્રાપ્તીને માટે અમને કલ્યાણકારી થાઓ અને અમારા ઉપર સુખની વૃષ્ટિ કરો.

નીચેનો મંત્ર બોલીને દરેક ઇંદ્રિયને જમણા હાથની ટચલી આંગળીની જોડેની બે આંગળીઓ પાણીમાં બોળી સ્પર્શ કરવો. એટલા માટે કે ઇશ્વિર પ્રાર્થનાથી બધી ઇંદ્રિયો સર્વદા બળવાન રહે.

॥ अथ इंन्द्रिय स्पर्शः ॥

ओ३म् वाक् वाक् । ओ३म् प्राणः प्राणः । ओ३म् चक्षुः चक्षुः । ओ३म् श्रोत्रम् श्रोत्रम् । ओ३म् नाभिः । ओ३म् हृदयम् । ओ३म् कंठः । ओ३म् शिरः । ओ३म् बाहुभ्यां यशोबलम् । ओ३म् करतलकर पृष्ठे ॥

અર્થ.—હે પરમાત્મા મારી વાણી અને જીભ સુભ બોલનારી થાઓ. મારી બંને આંખો પવિત્ર ભાવથી દેખે, મારા બન્ને કાન સુભ મંગળ ભાષણને સાંભળે, મારી, નાભિ, હૃદય, કંઠ, શિર, એ સર્વે પોતપોતાનુ શુભ કામ કરે અને હું બંન્ને ભુજાએ અને હાથથી દુષ્ટ લોકોને દુર રાખુ અને શ્રેષ્ટ લોકોનું પાલન કરી યશ અને બળની પ્રાપ્તિ કરૂં.

નીચેનો મંત્ર ભણી ટચલી આંગળીની જોડેની આંગળીઓ એ પાણીમાં બોળીને માર્જન કરવું. તેમ કરવાથી શરીરમાં કંઇપણ આળસ હોય તે દુર થઇ જાય અને પરમાત્માના પવિત્ર નામોનું સ્મરણ રહે.

॥ अथ मार्जन मंत्रः ॥

ओ३म् भूः पुनातुशिरासि । ओ३म् भुवः पुनातु नेत्रयोः । ओ३म् स्वः पुनातु कण्ठे । ओ३म् महः पुनातु हृदये । ओ३म् जनः पुनातु नाभ्याम् । ओ३म् तपः पुनातु पादयो । ओ३म् सत्यं पुनातु पुनश्शिरासि । ओ३म् खं ब्रह्म पुनातु सर्वत्र ॥

અર્થ:—ભૂ: ભુવ: સ્વ: મહ: જન: તપ: સત્યમ એ સર્વે નામ બ્રહ્મના છે. પ્રાણોના પ્રાણ પરમાત્મા અમારા સર્વ પૂર્વોક્ત

અંગોને પવિત્ર કરે અર્થાત્ દુષ્ટ કર્મોમાંથી દુર કરી શુભ કર્મોમાં પ્રેરે. નીચેનો મંત્ર બોલી પ્રાણાયમ કરવો અર્થાત્ બે હાથને પગના ઘુંટણ ઉપર ગોઠવી અંગુઠાના મુળમાં પાસેની આંગળીને વાળીને ગોઠવવી. પછી જોરથી અંદરના વાયુને બહાર કાઢી જ્યાં સુધી ગભરામણ ન થાય ત્યાં સુધી બહાર રોકી રાખવો. પછી ધીરે ધીરે અંદર લેવો અને અંદર રોકવો પાછો બહાર કાઢવો અને રોકવો એમ ઓછામાં ઓછા ત્રણ વખત કરવું અને ધીરે ધીરે અભ્યાસ વધારવો પ્રણાયમ કરતી વખતે હાલના પૌરાણિક ભાઈ ઓની પેઠે નાક પકડવું નહીં બન્ને નસકોરાથી ખુલ્લી રીતે પવન લેવો અને કાઢવો. યથા શક્તિ જ્યાં સુધી અંદર અને બહાર રોકી રખાય ત્યાં સુધી મંત્રનો અર્થ ધ્યાનમાં લેતા જવો.

॥ अथ प्राणायाम् मंत्रः ॥

ओ३म् भूः । ओ३म् भुवः । ओ३म् स्वः । ओ३म् महः । ओ३म् जनः । ओ३म् तपः । ओ३म् सत्यम् ॥ तै० प्र० १० अ० २७ ॥

આ મંત્રમાં આવેલા નામનો અર્થ આગળના શબ્દાર્થમાં જોઇ લેવો પ્રાણાયામ કરવાથી શારીરિક અશુદ્ધિનો નાશ

અને મન આદિ ઇંદ્રીયો નિર્મળ થઇ જ્ઞાનનો પ્રકાશ થાય છે.

નીચેના અઘમર્ષણ મંત્રને બોલીને પાપથી દુર રહેવા પરમાત્માની સ્તુતિ કરવી અને અર્થનો વિચાર કરી મનમાં ઠસાવવો તેથી પરમાત્માનો ડર રહે છે અને પાપથી બચી જવાય છે.

॥ अथ अघमर्षण मंत्रा ॥

ओ३म् ऋतञ्च सत्यञ्चा भीद्धात्तपसोध्यजायत।
ततो रात्र्य जायत ततः समुद्रो अर्णवः ॥ १ ॥
समुद्रा दर्णवादधि संवत्सरो अजायत।
अहो रात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ॥ २ ॥
सूर्या चंद्र मसौ धाता यथा पूर्वम कल्पयत्।
दिवञ्च पृथिवीञ्चान्तरिक्ष मथो स्वः ॥ ३ ॥

॥ ऋ० अ० ८ अ० ८ व० ४८ ॥

અર્થઃ—હું એ પુર્ણ પરમાત્માનું ધ્યાન કરૂંછું જે અનન્ન જ્ઞાનમય પરમેશ્વરના સામર્થથી સર્વ વિદ્યાનો ભંડાર વેદ શાસ્ત્ર અને ત્રિગુણાત્મક અર્થાત સત્વ. રજ, અને તમ કારણ રૂપ પ્રકૃતિ કાર્યરૂપ થઇને પૂર્વ કલ્પની માફક ઉત્પન્ન થયા છે એજ ઇશ્વરના સામર્થથી મહારાત્રી જે પ્રલય પછી હજાર

ચતુર્યુગ સુધી રહે છે તેપણ ઉત્પન્ન થાય છે. એજ પરમા-
ત્માથી પૃથ્વી અને મેઘ મંડળ તથા મહા સમુદ્રની ઉત્પત્તિ
થઇ અને તે પછી પૂર્વ સૃષ્ટિની માફક સંવત્સર ઉત્પન્ન થયા
સર્વને વશ કરનાર ઇશ્વરે સહજ સ્વભાવથી જગતની રાત્રિ,
દિવસ, ઘડી, પળ, અને ક્ષણુ આદી પ્રથમની માફક રચ્યા
છે સૂર્ય અને ચંદ્રમાને સર્વે જગતના ધારણુ અને પોષણુ
કરનારે પૂર્વ કલ્પની માફક રચ્યા છે, અને સૂર્યાદિ લોકોના
પ્રકાશ પૃથ્વિ અને સૂર્ય લોકની વચમાં જે લોક છે તથા
જેટલા આકાશની વચમાં લોક છે તેમને પણુ ઇશ્વરે પૂર્વ
પ્રમાણે રચ્યા છે.

તાત્પર્ય એ છે કે. વેદથી લઇ જે પૃથ્વિ પર્યંત જે
આ જગત્ છે તે સર્વે ઇશ્વરના નિત્ય સામર્થ્યથી પ્રકાશિત
થયેલુ છે અને ઇશ્વર વ્યાપક રહીને અંતર્યામી રૂપથી સર્વેના
પાપ અને પુન્યને દેખી પક્ષપાત છોડીને સર્વને યથાવત ફળ
આપે છે એવું નિશ્ચત જાણીને ઇશ્વરથી ડરીને સર્વે મનુષ્યોને
યોગ્ય છે કે કદી મન, વચન, અને કર્મથી પાપ નકરવું.
ઉપર પ્રમાણે અઘમર્ષણ કર્યા પછી "शन्नोदेवी" મંત્રથી
ફરીથી ત્રણુ વખત આચમન કરવા અને મંત્રના અર્થનો
વિચાર કરવો. એ પ્રમાણે થઇ રહ્યા પછી નીચે લખેલા

મનસા પરિક્રમાના ૭ મંત્રોથી દરેક દિશા તરફ હાથ જોડી પરમાત્માને સર્વ વ્યાપક જાણી ચીંન્તન કરવું. એનો હેતુ એવો છે કે પરમાત્મા ચારે દિશા તથા નીચે ઉપર એમ ૭ સ્થળથી એટલે સર્વ તરફથી રક્ષણ કરે.

॥ अथ मनसा परिक्रमा मंत्राः ॥

ओ३म् प्राचीदिगग्नि रधिपति रसितो रक्षिता दित्या इषवः। तेभ्यो नमो धिपतिभ्यो नमो रक्षितृभ्यो नम इषुभ्यो नम एभ्यो अस्तु यो३स्मान् द्वेष्टि यं वयं द्विष्मस्ते वो जम्भे दध्मः ॥ १ ॥

॥ अथ० कां० ३ अ० ६ व० २७ मं० १ ॥

અર્થઃ—પૂર્વદિશામાં જે અગ્નિજ્ઞાન સ્વરૂપ અધિપતિ સર્વ જગતનો સ્વામી બંધન રહિત રક્ષા કરનારો છે જેના બાણ સૂર્ય આદિત્યના કિરણ છે એ સર્વ ગુણોના અધિપતિ ઇશ્વરને અમેલોક વારંવાર વંદના કરીએ છીએ જે ઇશ્વરના ગુણ અને તેના રચેલા પદાર્થ જગતની રક્ષા કરનાર છે અને પાપીઓને બાણ સમાન પીડા કરનારા છે તેને અમે વંદના કરીએ છીએ એવા કારણથી કે જે પ્રાણી અજ્ઞાનથી ધાર્મિક પુરૂષનો તથા પાપી પુરૂષનો દ્વેષ કરે છે

એ સર્વના બુરાઇને એ બાણ રૂપી કિરણોના મુખની વચ્ચે બાળી નાખે છે કે જેથી અમે લોક કોઈની સાથે વર ન કરીએ અને કોઇ પણ પ્રાણી અમારી સાથે વૈર ન કરે અને અમે સર્વે લોક પરસ્પર મિત્રતાથી વર્તિએ.

ओ३म् दक्षिणा दिगिन्द्रोऽधिपति स्तिरश्चिराजी रक्षिता पितर इषवः। तेभ्यो नमो (शेषपूर्ववत) ॥२॥

॥ अथर्व० कां० ३ अ० ६ व० २७ मं० २ ॥

અર્થઃ—દક્ષિણદિશાનો અધિપતિ ઇન્દ્ર કે જે પૂર્ણ ઐશ્વર્યવાળો છે જે પદાર્થ કીટ પતંગ વૃશ્ચિક વગેરે તિર્યક કહેવાય છે તેમની જાતથી રક્ષણ કરનારો એક પરમેશ્વર છે જેની સૃષ્ટિમાં જ્ઞાની લોક બાણની માફક છે (तेभ्यो नमो) વગેરેનો અર્થ ઉપર કહ્યો તે પ્રમાણે.

ओ३म् प्रतीची दिग्वरुणोऽधिपतिः पृदाकूरक्षिताम मिषवः। तेभ्यो नमो (शेष पूर्ववत) ॥ ३ ॥

॥ अथर्व० कां० ३ अ० ६ व० २७ मं० ३ ॥

અર્થઃ—જે પશ્ચિમદિશા અર્થાત આપણી પુંઠના ભાગે છે ત્યાં વરૂણ જે સર્વથી ઉત્તમ સર્વનો રાજા પરમેશ્વર છે

જે મોટા અજગર અને સાપ આદિ ઝેરી પ્રાણીઓથી રક્ષા કરનારો છે જેના અન્ન અર્થાત્ પૃથિવ્યાદિ પદાર્થ બાણોની માફક શ્રેષ્ઠોની રક્ષા અને દુષ્ટોના તાડનનું નિમિત્ત છે (तेभ्यो नमो) નો અર્થ પ્રથમ પ્રમાણે.

ओ३म् उदीचीं दिक्सोमोऽधिपतिः स्वजो रक्षिता शनिरिषव० तेभ्योनमो० (शेषपूर्ववत्) ॥४॥

॥ अथर्व० कां० ३ अ० ६ व० २७ मं० ४ ॥

અર્થઃ—ઉત્તર દિશામાં સોમ અર્થાત્ શાંત્યાદિ ગુણોથી આનંદ કરાવનારા જગદીશ્વરનું ધ્યાન કરવું જોઇએ. જે અજન્મા રક્ષા કરનારો અને જેના બાણ વીજળી છે. (तेभ्यो नमो) નો અર્થ પ્રથમ પ્રમાણે.

ओ३म् ध्रुवादिग्विष्णु रधिपति कल्माषग्रीवो रक्षितो वीरुध इषवः तेभ्यो नमो (शेषपूर्ववत्)॥५॥

॥ अथर्व० कां० ३ अ० ६ व० २७ मं० ५ ॥

અર્થઃ—ધ્રુવદિશા જે આપણી નીચે તેમાં વિષ્ણુ અ-ર્થાત્ વ્યાપક નામથી પરમાત્માનું ધ્યાન કરવું જોઇએ જેના લીલા રંગવાળા વૃક્ષાદિ ગ્રીવાની માફક છે જેના બાણની

સર્વ વૃક્ષ છે તે અધોદિશામાં અમારી રક્ષા કરે (तेभ्यो नमो) નો અર્થ પ્રથમ પ્રમાણે.

ओ३म् उर्ध्वादिग्बृहस्पति राधिपतिः स्वित्रो रक्षिता वर्ष मिषवः तेभ्यो नमो (शेषपूर्ववत्) ॥६॥

॥ अथर्व० कां० ३ अ० ६ व० २७ मं० ६ ॥

અર્થઃ—જે ઉર્ધ્વ અર્થાત્ ઉપરની દિશામાં બૃહસ્પતિ જે વાણીને। સ્વામી પરમેશ્વર છે તેને આપણો રક્ષક જાણવો તેના બાણુની માફક વર્ષાદના બીંદુ છે તેનાથી અમારી રક્ષા કરો. (तेभ्यो नमो) નો અર્થ પ્રથમ પ્રમાણે.

નીચેના ઉપસ્થાન મંત્રોથી ઇશ્વરની સ્તુતી તથા પ્રાર્થના કરવી.

॥ अथोपस्थान मंत्राः ॥

ओ३म् उद्वयंतमसस्परिस्वः पश्यन्त उत्तरम् ॥
देवं देवत्रा सूर्य्य मगन्म ज्योति रुत्तमम् ॥ १ ॥

॥ य० अ० ३५ मं० १४ ॥

અર્થઃ—સર્વ અંધકારથી પૃથક પ્રકાશ સ્વરૂપ પ્રલયના પછી સદા વર્તમાન દેવોના દેવ અર્થાત્ પ્રકાશ કરવાવાળાામાં પ્રકાશક ચરાચરના આત્મા, જ્ઞાન સ્વરૂપ અને સર્વથી ઉત્તમ આપને પ્રાપ્ત થવાને પ્રાર્થના કરીએ છીએ. આપ કૃપા કરીને

શિઘ્ર પ્રાપ્ત થાઓ, કારણ કે આપજ અમારા રક્ષક છો.

ओ३म् उदुत्यं जात वेदसं देवं वहन्ति केतवः ॥ दृशेविश्वाय सूर्यम् ॥२॥ ॥य० अ० ३३ मं० ३१॥

અર્થઃ—જેનાથી ઋગ્વેદાદિ ચાર વેદ પ્રસિદ્ધ થયા છે અને જે પ્રકૃત્યાદિ સર્વ ભૂતોમાં વ્યાપ્ત થઇ રહ્યો છે, જે સર્વ જગતનો ઉત્પાદક છે, તે પરમેશ્વર જાતવેદા નામથી પ્રસિદ્ધ છે, જે સર્વ દેવોનો દેવ અને સર્વ જીવ આદિ જગતનો પ્રકાશક છે. તે પરમાત્માને વિશ્વવિદ્યાની પ્રાપ્તિ માટે અમે ઉપાસના કરીએ છીએ. જે કેતવ એટલે વેદની શ્રુતિ અને જગતના જુદા જુદા રચના આદિ નિયામક ગુણ જાણે છે અને પ્રાપ્ત કરે છે તે વિશ્વના આત્મા અન્તર્યામી પરમેશ્વરનીજ ઉપાસના અમે સદા કરીએ, બીજા કોઇની નહીં.

ओ३म् चित्रं देवाना मुद गादनीकं चक्षुर्मित्रस्य वरुण स्याग्नेः । आप्रा द्यावा पृथिवी अन्तरिक्ष ँ सूर्य्य आत्मा जगतस्तस्थुतश्च स्वाहा ॥ ३ ॥

॥ य० अ० ७ मं० ४२ ॥

અર્થઃ—પ્રાણી અને જડ જગતનો જે આત્મા છે તેને સૂર્ય કહે છે, જે સૂર્ય અને બીજા લોકોને ઉત્પન્ન કરી

ધારણ અને રક્ષણ કરવાવાળો છે. જે મિત્ર અર્થાત્ રાગદ્વેષ રહિત મનુષ્ય તથા સૂર્યલોક અને પ્રાણના ચક્ષુને પ્રકાશ કરવાવાળો છે. બધા ઉત્તમ કર્મોમાં જે વર્તમાન, તથા મનુષ્ય, પ્રાણ, અપાન અને અગ્નિનો પ્રકાશ કરવાવાળો છે, જે અદ્‌ભુત સ્વરૂપ વિદ્વાનોના હૃદયમાં સદા પ્રકાશિત રહે છે, જે બધા મનુષ્યોના બધા દુઃખો નાશ કરવાને પરમ ઉત્તમ બળ છે તે પરમેશ્વર અમારા હૃદયમાં યથાવત્ પ્રકાશિત રહે.

ओ३म् तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्यम शरदः शतं जीवेम शरदः शत ँ शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ ४ ॥

॥ य० अ० ३६ मं० २४ ॥

અર્થઃ—જે બ્રહ્મ સર્વનો દ્રષ્ટા ધાર્મિક વિદ્વાનોનો પરમ હિતકારક તથા સૃષ્ટિ પૂર્વે પશ્ચાત, અને મધ્યમાં સત્ય સ્વરૂપથી વર્તમાન રહે છે, અને સર્વ જગતનો કર્તા છે તેજ બ્રહ્મને અમે સો વર્ષ સુધી જોઇએ, જીવિએ, સાંભળીએ, અને તેજ બ્રહ્મનો ઉપદેશ કરીએ તથા તેનીજ કૃપાથી

કોઇને આધિન ન રહિયે, તેજ પરમેશ્વરની આજ્ઞા પાલન અને કૃપાથી સો વર્ષ ઉપરાંત અમે જોઇએ, જીવીએ, સાંભળીએ, અને સ્વતંત્ર રહિયે, અર્થાત્ આરોગ્ય શરીર, દૃઢેન્દ્રિય, શુદ્ધ મન અને આનંદ સહિત અમારો આત્મા સદા રહે.

નીચેના ગુરૂમંત્રથી પરમાત્માનો જપ કરવો અને તે સમયે મંત્રાર્થમાં આત્મા અને અંતઃકરણને પ્રેમપૂર્વક જોડીને બાહ્ય વૃત્તિ છોડી દેવી જોઇએ જેમ જપ વિશેષ થાય તેમ બુદ્ધિ શુદ્ધ જ્ઞાનમય પરમાત્માના ધ્યાનથી થાય છે.

॥ अथ गुरुमंत्रः ॥

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियो योनः प्रचोदयात् ॥

॥य० अ०३६ मं०३॥ ऋ० मंड० ३ सू०६२ मं०१०॥

॥ एवं चतुर्षुवेदेषु समानो मंत्रः ॥

અર્થ:—(ओ३म्) એ પરમેશ્વરનું મુખ્ય નામ છે (भूः) જે સમ્પૂર્ણ દેહધારીઓનો પ્રાણદાતા તથા પ્રાણોથી પણ પ્રિય છે. (भुवः) જે ધર્માત્માઓના ક્લેશોનું નિવારણ કરે છે (स्वः) જે સુખ સ્વરૂપ છે એ પરબ્રહ્મ

પરમાત્માને કે જે સર્વ જગતનો ઉત્પાદક અને પાલક છે. જે ગ્રહણ કરવાને યોગ્ય છે, જે તેજ સ્વરૂપ છે તે દેવ જગદીશ્વરનું અમો ધ્યાન કરીએ છીએ, જે અમારી બુદ્ધીઓને મલિન વાસનાઓથી હઠાવી ઉત્તમ કામોમાં પ્રેરણા કરે અને આકર્ષિત કરે.

તાત્પર્ય—જે પરબ્રહ્મ પરમાત્માનું મુખ્ય સર્વોત્તમ નામ ઓંકાર છે, જે સઘળાં જંતુઓનો પ્રાણદાતા તથા પ્રાણથી પણ પ્રિય છે, જે સજ્જનોના દુઃખોને દૂર કરી નિત્યાનંદમાં રાખે છે, જે સર્વજ્ઞ, સર્વ વ્યાપી, સર્વ શક્તિમાન છે, જે અનંત બ્રહ્માંડોનું તથા તેના અંતરગત સંપૂર્ણ વસ્તુઓનુ આદિકારણ, પાલક, તથા લયકારક છે, જે અત્યંત ગ્રહણ કરવા યોગ્ય છે, એ સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરંજન, નિરાકાર, નિરાધાર, નિર્વિકાર, અધમોદ્ધારક, ધર્માર્થ કામ અને મોક્ષને આપનારો છે તેનુંજ અમે ધ્યાન કરીએ છીએ. કે તેજ અમારી બુદ્ધિઓને દુરાચારથી છોડાવીને સદાચારમાં સ્થિર કરે.

એ પ્રકારથી સર્વ મંત્રોના અર્થોથી પરમેશ્વરની સમ્યક ઉપાસના કરીને પછી સમર્પણ કરે, કે હે ઈશ્વર દયાનિધે! આપની કૃપાથી જે જે ઉત્તમ કામ અમે કરિયે છીએ તે

સર્વ આપને અર્પણ છે. જેથી અમે લોક આપને પ્રાપ્ત થઇને, ધર્મ જે સત્ય ન્યાયનું આચરણ કરવાનું છે, અર્થ જે ધર્મથી પદાર્થોની પ્રાપ્તિ કરવાની છે, કામ જે ધર્મ અને અર્થથી ઇષ્ટ ભોગોનું સેવન કરવાનું છે, અને મોક્ષ કે જે સર્વ દુઃખોથી છુટી સદા આનંદમાં રહેવાનું છે. એ ચારે પદાર્થોની અમને શીઘ્ર પ્રાપ્તિ થાઓ.

॥ अथ समर्पण मंत्रः ॥

ओ३म् नमः शम्भवायच मयो भवायच नमः शङ्करायच मयस्करायच नमः शिवायच शिवतरायच॥

॥ य० अ० १६ मं० ४१ ॥

અર્થઃ—જે સુખ સ્વરૂપ સંસારના ઉત્તમ સુખો આપનારો કલ્યાણનો કરનારો મોક્ષ સ્વરૂપ. ધર્મયુક્ત કર્મોનેજ કરનારો પોતાના ભક્તોને સુખોનો આપનારો અને ધર્મના કામો કરાવનારો, અત્યંત મંગળ સ્વરૂપ અને ધાર્મિક મનુષ્યોને મોક્ષ સુખનો આપનારો છે તેને અમારા વારંવાર પ્રણામ છે.

॥ इति सन्ध्योपासन विधिः ॥

॥ ॐ तत्सत् ॥

ચારે વેદના દ્વિજોને ઉપયોગી

ટુંકી સંધ્યા.

૧. સ્નાન કરીને પ્રવિત્ર આસનપર સવારે તથા બપોરે પૂર્વાભિમુખે ને સાંજે પશ્ચિમાભિમુખે બેસી નીચે લખેલો ગાયત્રીમંત્ર બોલી પલાળેલી વિભૂતિ **શ્રીસૂર્યને** બતાવી પછી **ૐ નમઃ શિવાય** એ મંત્ર બોલી કપાલ, કંઠ હૃદય, ને બંને હાથના મૂલપર તેનાં ત્રિપુંડ્ર કરવા.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

૨. પછી આચમન લઈ ઉપરનો ગાયત્રીમંત્ર બોલી શિખા બાંધવી.

૩. પછી ત્રણ પ્રાણાયામ કરવા, પ્રાણાયમ કરતાં ન આવડે તો મનને શાંત રાખી ગાયત્રીમંત્રનો નવ વાર જપ કરી જવો.

૪. પછી **આત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમોપાત્તદુરિતક્ષયાર્થં પ્રાતઃસંધ્યો**

પાસનમહં (બપોરે **મધ્યાહ્ન સંધ્યોપાસનમહં** ને સાંજે **સાયંસંધ્યોપાસનમહં**) **કરિષ્યે** ॥ એવીરીતે સંકલ્પ કરવો.

પછી ઉભા થઇને સાંજે ને સવારે ગાયત્રીમંત્રવડે **શ્રીસૂર્યને** ત્રણ **અર્ઘ્ય** આપવા. બપોરે એક **અર્ઘ્ય** આપવો. સૂર્ય ઉગ્યા પછી ને સૂર્ય આથમ્યા પછી જો સંધ્યા થાય તો તે બંને કાલમાં એક એક અર્ઘ્યવધારે આપવો.

૬. પશ્ચાત્ ઊભા રહીને હાથ ઉંચા રાખી ચાર ગાયત્રીમંત્ર ભણી સૂર્યનુ ઉપસ્થાન કરવું.

૭. પછી સવારે તથા બપોરે ઉભા રહી દશ કિંવા એકસો આઠ ગાયત્રીમંત્રનો જપ કરવો. સાંજે બેસી જપ કરવો.

૮. પછી **અનેક પ્રાતઃસંધ્યાખ્યેન** (બપોરે **મધ્યાહ્ન સંધ્યાખ્યેન** ને સાંજે **સયંસંધ્યાખ્યેન**) **કર્મણા ભગવાન્ શ્રીસૂર્યનારાયણઃ પ્રીયતાં ન મમ** ॥ એમ કહી સંધ્યા પૂર્ણ કરી ગુરુ, દેવ, તથા બ્રાહ્મણને બે હાથ જોડી માથું નમાવી નમસ્કાર કરવો.

॥ ॐ श्रीसद्गुरुर्विजयतेतराम् ॥

ચારે વેદના દ્વિજોને ઉપયોગી

લઘુવૈશ્વદેવ.

૧. સ્નાન કરી, પવિત્ર વસ્ત્ર પહેરી, પૂર્વાભિમુખે બેસી, પવિત્રભૂમિપર તાંબાના કુંડમાં અગ્નિ પધરાવી, પવિત્ર કાચા ચોખા વા રાંધેલો ભાત થોડું ઘી નાંખીને એક પાત્રમાં લાવી, તેનું ગાયત્રીમંત્રથી પ્રોક્ષણ કરીને કુંડની જમણી બાજુએ મૂકવો, પછી આચમનપ્રાણાયામ કરી નીચે પ્રમાણે સંકલ્પ કરવો:—

અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમ ગૃહે પંચસૂનાજનિતદોષપરિહારાર્થં શ્રીવૈશ્વદેવાખ્યકર્માહં કરિષ્યે ॥

૨. પછી અગ્નિને પ્રદીપ્ત કરી, તેમાં અગ્નિનો આવિર્ભાવ કલ્પી, તેનું ૐ અગ્નયે નમો નમઃ ॥ એ મંત્રથી ચંદનવડે પૂજન કરવું.

૩. પછી લાવેલા ચોખા વા ભાતની જમણા હાથવડે દેવતીર્થથી એટલે આંગળીઓના ટેરવાથી ૐ ભૂઃ સ્વાહા,

ૐ ભુવઃ સ્વાહા, ૐ સ્વઃ સ્વાહા, ૐ ભૂર્ભુવઃ સ્વઃ સ્વાહા ॥ એ ચાર મંત્રવડે ચાર આહુતિઓ કુંડમાંના પ્રદીપ્ત અગ્નિમાં આપવી. ઇતિ દેવયજ્ઞ.

૪. પછી કુંડની ને પોતાની મધ્યે પવિત્રભૂમીપર **ૐ સર્વેભ્યો ભૂતેભ્યો નમઃ ॥** એમ બોલી એક બલિ મૂકવો. ઇતિ ભૂતયજ્ઞ.

૫. પછી દક્ષીણભણી મુખ કરી, અપસવ્ય થઇ, પીતૃતીર્થથી એટલે જમણા હાથના અંગુઠા ને તર્જનીના મધ્યભાગથી તે બલિની દક્ષીણદિશાએ **ૐ પિતૃભ્ય. સ્વધા નમઃ ॥** એ મંત્રવડે એક બલિ મૂકવો. ઇતિ પિતૃયજ્ઞ.

૬. પછી પૂર્વાભિમુખે બેસી, જનોઇને સવ્ય કરી, દશ ગાયત્રીમંત્રના જપવડે બ્રહ્મયજ્ઞ ન કર્યો હોય તો કરવો. ઇતિ બ્રહ્મયજ્ઞ.

૭. પછી જનોઇને કંઠય કરી. મનુષ્યતીર્થથી એટલે જમણાહાથની ટચલી આંગળીના મૂળવડે ચોથા અંકમાં કહેલાં બલિથી ઉત્તરમાં **ૐ હંત તે સનકાદિમનુષ્યેભ્યઃ ॥** એ મંત્રવડે એક બલિ મૂકવો. ઇતિ મનુષ્યયજ્ઞ.

૮. પછી ગાય, શ્વાન. ને કાગડામાટે થોડુ થોડું રાંધેલું અન્ન કાઢી, પછી કુંડમાથી વિભૂતિ લઇ, તે કપાલમાં લગા-

કરી. પછી અગ્નિ પોતાના લોકમાં સિધાવ્યા એમ ભાવના કરવી.

૯. પછી નીચેપ્રમાણે બોલી તે કર્મ શ્રીપરમેશ્વરને અર્પણ કરવું:—

અનેન શ્રીવૈશ્વદેવાખ્યેન કર્મણા શ્રીપરમેશ્વરઃ પ્રીયતાં ન મમ ॥

૧૦. પછી કોઇ અતિથિ આવ્યો હોય તો તેને વિનય-પુર્વક ભોજન કરાવી પશ્ચાત્ ગૃહસ્થે સહકુટુંબ ભોજન કરવું.

॥ ઇતિ શિવમ્ ॥

मानसोपचारैः संपूज्य ॥ तच्चेत्थं ॥

ॐ लं पृथिव्यात्मने श्रीविश्वकर्मणे गंधं समर्पयामि ॥
ॐ हं आकाशात्मने श्रीविश्वकर्मणे पुष्पं कल्पयामि ॥
ॐ यं वायव्यात्मने श्रीविश्वकर्मणे धूपं आघ्रापयामि ॥
ॐ रं अग्न्यात्मने श्रीविश्वकर्मणे दीपं प्रज्वालयामि ॥
ॐ वं अमृतात्मने श्रीविश्वकर्मेण नैवेद्यं निवेदयामि ॥

ગોત્રોચાર.

શ્રી ગણેશાય નમઃ અથ વિશ્વકર્મમુખોદ્દ્ભુ પંચાલાનાં સંધ્યાંતે સ પ્રવરાદિ નામ ગોત્રોચ્ચારપૂર્વકં અભિવાદનં ॥ તત્રાદૌ સાનગા નામભિવાદનં ॥ અગોદર સાનગસ ગોત્રાચારિચ્ચાર સામતાત નમોસ્તનતાય૦ હરીઃ ૐ સદ્યોજાતં પ્રપદ્યા૦ ૐ પ્રજાપતે વિશ્વકર્મણુઃ સદ્યોજાત મુખોત્પતિઃ પ્રાચી દિશા પૃથ્વિતત્વાભિકા વાગીશ્વરીશક્તિઃ (કાલંબા) રૂદ્રો દેવતાં ગાયત્રી છંદઃ વસંતર્તુઃ આગ્નેયેષ્ટિઃ રૂગ્વેદ સ્વરૂપં મનુ બ્રહ્મા મનુવિશ્વદેવ્યસાનગેતી ત્રિપરાન્વિતસાનગસ ગોત્રોત્પન્ન રૂગ્વેદસ્ય ત્વષ્ટ્રવિશ્વકર્મ રૂભત્રયપ્રતિપાદિત શ્રુત્વા આશ્વલાયની શાખાધ્યાયી અમુક (જન્મનાવાચા ઉચ્ચારકરૂન) શર્માહં ભો અભિવાદયામિ ॥

પંચાલ બ્રાહ્મણોમાં સદ્યોજાતનું ગોત્ર વીગેરે જાણવાનો કોઠો.

મુખ.	પંચાલ.	દેવતા.	વર્ણ.	ગુણ સ્વભાવ.	ઇષ્ટકુંડ.
સદ્યોજાત.	મનુબ્રહ્મ.	રૂદ્ર.	સ્ફટીક વર્ણ.	તમોગુણ.	ત્રિકોણ.

દંડ.	વેદ.	વ્યવહાર સુત્ર.	પ્રવરૃષિ.	ગોત્ર.	ઉપનામ.
પલાસ.	રૂગ્વેદ.	લોહ સંહિતા.	મ ૧ દ્વિ.૨ સા. ૩ ત્રીપ્રવરા	સાનગસ ગોત્ર.	દીક્ષીત.

અગાઉથી આશ્રય આપનારનાં નામ.

નિચેના સદ્‌ગૃહસ્થોએ આ બુક છપાવવામાં આર્થીક મદદ કરી છે તેનો ઉપકાર માનવામાં આવે છે.

પંચાલ મંગળભાઇ જેઠાભાઇ.
પંચાલ હલસુખરામ મોતીરામ
પંચાલ ગોપાળ ગણેશ.
પંચાલ મોતીરામ લક્ષ્મીચંદ.
પંચાલ લક્ષ્મીચંદ રૂપાલા.
પંચાલ ધોળેશ્વર બહેચર.
પંચાલ છગનલાલ હરગોવન.
પંચાલ હલસુખ કાળીદાસ.
પંચાલ પુંજાલાલ ઉત્તમરામ.
પંચાલ રણછોડ લલુભાઇ દહેગામ.
પંચાલ શીવરામ તુળશીદાસ.
કંસારા નાનજી ડોસાભાઇ
પંચાલ રણછોડદાસ રાયચંદ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]